સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 38** (18/09/22 to 24/09/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)









JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**18 SEP-2022**

- દિવસ મહિમા : 18 સપ્ટેમ્બર, આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ (International Equal Pay Day), વિશ્વ વાંસ દિવસ (World Bamboo Day) ........ 02
- શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ, 2022 ........ 02
- QUESTION ANSWERS ........ 06

**19 SEP-2022**

- આસિયાન-ભારતના આર્થિક મંત્રીઓની બેઠક ........ 07
- જાપાન-ભારત મેરીટાઈમ કવાયત JIMEX 2022 ........ 09
- QUESTION ANSWERS ........ 10

**20 SEP-2022**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી' લોન્ચ કરી ........ 11
- UNEPએ ગ્રીન ફિન્સ હબ શરૂ કર્યું ........ 13
- ભારતમાં 70 વર્ષ પછી ચિત્તાનું આગમન ........ 14
- QUESTION ANSWERS ........ 16

**21 SEP-2022**

- દિવસ મહિમા : 21 સપ્ટેમ્બર, વિશ્વ શાંતિ દિવસ (World Peace Day), વિશ્વ અલ્ઝાઈમર દિવસ (World Alzheimer's Day) ........ 17
- AIBDની 47મી વાર્ષિક સભા ........ 18
- રાજકીય પક્ષોને મળતા રોકડ-દાનની મહત્તમ મર્યાદા નક્કી થશે : ચૂંટણી પંચ ........ 19
- QUESTION ANSWERS ........ 21

**22 SEP-2022**

- દિવસ મહિમા : 22 સપ્ટેમ્બર, વિશ્વ કાર મુક્ત દિવસ (World Car Free Day), વિશ્વ ગુલાબ દિવસ (World Rose Day), વિશ્વ ગેંડા દિવસ (World Rhino Day) ........ 22
- સોલાર મોડ્યુલો માટે PLI યોજના ........ 23
- QUESTION ANSWERS ........ 25

**23 SEP-2022**

- દિવસ મહિમા : 23 સપ્ટેમ્બર, આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ (International Day of Sign Languges) ........ 26
- India Hypertension Control Initiative (IHCI)ને સંયુક્ત રાષ્ટ્રનો પુરસ્કાર મળ્યો ........ 26
- ગુજરાતી ફિલ્મ 'છેલ્લો શો' 2023ના ઓસ્કાર એવોર્ડ્સ માટે સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ ........ 27
- QUESTION ANSWERS ........ 28

**24 SEP-2022**

- મૂનલાઈટિંગ (Moonlighting) ........ 29
- ભારતીય ટેલિકોમ બિલ પ્રસ્તાવ, 2022 ........ 30
- QUESTION ANSWERS ........ 33

**ONE LINER** ........ 34

**QUESTION OF THIS WEEK** ........ 39


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 18 સપ્ટેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ (International Equal Pay Day)
## (2) વિશ્વ વાંસ દિવસ (World Bamboo Day)

### આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ

18 સપ્ટેમ્બર, 2022ના રોજ સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.




- ખાસ કરીને મહિલાઓ અને પુરુષો વચ્ચે રહેલી પગારની અસમાનતા દૂર કરવા માટે જાગૃતિ ફેલાવવા આ દિવસનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- સમગ્ર વિશ્વમાં મહિલાઓને પુરુષો કરતા વેતનમાં ઓછી ચૂકવણી કરવામાં આવે છે.
- આથી, પગારની અસમાનતા દૂર કરવા માટે સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા 15 નવેમ્બર, 2019ના રોજ દર વર્ષે 18 સપ્ટેમ્બરના રોજ આ દિવસ ઉજવવાની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત 18 સપ્ટેમ્બર, 2020ના રોજ પ્રથમ 'આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ, 2022

તાજેતરમાં 'શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ, 2022' ઉઝબેકિસ્તાનના સમરકંદ ખાતે યોજાઈ હતી.

- સમરકંદ ઘોષણા પર સભ્ય દેશો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ ઉપરાંત ભારતે વર્ષ 2023 માટે SCOનું અધ્યક્ષ પદ સંભાળ્યું હતું.
- ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શ્રી શવકત મિર્ઝીયોયેવએ આ 22મી SCO સમિટની અધ્યક્ષતા કરી હતી.

### સમિટની વિશેષતાઓ

સમરકંદ ઘોષણા 'સંવાદ અને પરામર્શ દ્વારા દેશો વચ્ચેના મતભેદો અને વિવાહોના શાંતિપૂર્ણ સમાધાન માટેની પ્રતિબદ્ધતા'ની હિમાયત કરે છે.

- સાર્વભૌમત્વ, સ્વતંત્રતા, રાજ્યોની પ્રાદેશિક અખંડિતતા, સમાનતા, પરસ્પર લાભ અને આંતરિક બાબતોમાં બિન–દખલગીરીની વાત કરવામાં આવી હતી. અને તેના પર ભાર મૂકવામાં આવ્યો હતો કે બળના ઉપયોગના જોખમ માટે પરસ્પર આદરના સિદ્ધાંતો આંતરરાષ્ટ્રીય સંબંધોના ટકાઉ વિકાસનો આધાર છે.



- સભ્યો દેશો આતંકવાદી, અલગતાવાદી અને ઉગ્રવાદી સંગઠનોની એકીકૃત સૂચિ બનાવવા માટે સામાન્ય સિદ્ધાંતો અને અભિગમો વિકસાવવાની યોજના ધરાવે છે. જેમની પ્રવૃત્તિઓ SCO સભ્ય દેશોના પ્રદેશોમાં પ્રતિબંધિત છે.
- રશિયા પણ તેના ગેસની નિકાસ કરવા માટે વધુ ગ્રાહક શોધી રહ્યું છે કારણ કે પશ્ચિમી દેશો તેના પર તેમની નિર્ભરતા ઘટાડવા માંગે છે.

## ઈરાન

ઈરાનને સમરકંદ સમિટમાં SCOના કાયમી સભ્ય તરીકે પ્રવેશ આપવામાં આવ્યો છે.

- ઈરાન 2023માં ભારત દ્વારા આયોજિત થનારી સમિટમાંથી સંપૂર્ણ સભ્ય તરીકે SCOમાં હાજરી આપશે.

## ભારતીય પરિપ્રેક્ષ્ય

### કનેક્ટિવિટી

- ભારતે SCOના સભ્ય દેશોને એકબીજાને ટ્રાન્ઝિટના સંપૂર્ણ અધિકારો આપવા વિનંતી કરી, કારણ કે તેનાથી કનેક્ટિવિટી વધશે અને પ્રદેશમાં વિશ્વસનીય અને સ્થિતિસ્થાપક સપ્લાય ચેન સ્થાપિત કરવામાં મદદ મળશે.

### ખાદ્ય સુરક્ષા

સમગ્ર વિશ્વ અભૂતપૂર્વ ઊર્જા અને ખાદ્ય કટોકટીનો સામનો કરી રહ્યું છે, ભારતે બાજરીને પ્રોત્સાહન આપવા અને ખાદ્ય સુરક્ષા સંબંધિત મુદ્દાઓને ઉકેલવાની પહેલ પર ભાર મુક્યો હતો.

- આ સંદર્ભમાં ભારત બાજરીને લોકપ્રિય બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, કારણે કે SCO 2023ને બાજરીના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે ચિહ્નિત કરવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે.

### પ્રવાસન

સમૃદ્ધ સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસો તથા SCO સભ્ય દેશોની પ્રવાસન સંભાવનાઓને પ્રોત્સાહન આપવા માટે વારાણસીને 2022-2023 માટે SCO પ્રવાસન અને સાંસ્કૃતિક રાજધાની તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

- આ સિવાય તે ભારત અને SCO સભ્ય દેશો વચ્ચે પ્રવાસન, સાંસ્કૃતિક અને માનવતાવાદી આદાનપ્રદાનને પ્રોત્સાહન આપશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે SCO સભ્ય દેશો ખાસ કરીને મધ્ય એશિયાઈ પ્રજાસત્તાકો સાથે ભારતના પ્રાચીન સભ્યતાને લગતા સંબંધોને પણ રેખાંકિત કરે છે.
- આ સાંસ્કૃતિક આઉટરીચ પ્રોગ્રામના માળખા હેઠળ 2022-23 દરમિયાન વારાણસીમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

નોંધઃ (1) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉઝબેકિસ્તાનમાં રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદિમીર પુતિન સાથે દ્વિપક્ષીય બેઠક દરમિયાન યુક્રેનમાં સંઘર્ષનો જલ્દીથી અંત લાવવા માટે કહ્યું હતું. અને જણાવ્યું હતું કે 'આજનો યુગ યુદ્ધનો નથી'

(2) હવે પછી ભારત SCOની અધ્યક્ષતા કરશે એટલે કે સપ્ટેમ્બર 2023 સુધી SCOની અધ્યક્ષતા કરશે અને આવતા વર્ષે SCO સમિટનું આયોજન કરશે.

## SCO

શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (અથવા તો શાંઘાઈ સહયોગ સંગઠન)ને ટૂંકમાં SCO તરીકે પણ ઓળખવામાં આવે છે.

- 26 એપ્રિલ, 1996ના રોજ ચીનના શાંઘાઈમાં થયેલી એક બેઠકમાં ચીન, રશિયા, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન અને તાજિકિસ્તાન એમ કુલ પાંચ દેશોએ એક બીજાના વંશીય અને ધાર્મિક તણાવોને દૂર કરવા માટે એક સંગઠનની રચના કરી.
- આ સંગઠન 'શાંઘાઈ ફાઈવ' તરીકે ઓળખાયું.
- ત્યારબાદ 15 જૂન, 2001ના રોજ 'શાંઘાઈ ફાઈવ' દેશો ઉપરાંત ઉઝબેકિસ્તાન દ્વારા 'શાંઘાઈ કો–ઓપરેશન'ની રચના કરવામાં આવી હતી.
- આ માટે 'શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન ચાર્ટર' પર જૂન 2002માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- અને આ ચાર્ટર 19 સપ્ટેમ્બર, 2003થી લાગુ થયું હતું.
- આમ કુલ છ દેશો દ્વારા આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી અને ભારત તેનું ઓબ્ઝર્વર કન્ટ્રી હતું.
- જોકે ત્યારબાદ 9 જૂન, 2017ના રોજ કઝાકિસ્તાનના અસ્તાના ખાતે મળેલી SCOની 17મી સમિટમાં ભારત આ સંગઠનના સાતમાં અને પાકિસ્તાન આ સંગઠનના આઠમાં સભ્ય તરીકે સામેલ થયા હતા.
- ત્યારબાદ 17 સપ્ટેમ્બર, 2021ના રોજ ઈરાનને SCOના 9માં સભ્ય દેશ તરીકે સમાવવાનો નિર્ણય કર્યો હતો. ઈરાન 2023માં ભારત દ્વારા આયોજિત થનારી સમિટમાંથી સંપૂર્ણ સભ્ય તરીકે SCOમાં હાજરી આપશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ઉપરાંત SCOના ઓબ્ઝર્વર દેશોમાં અફઘાનિસ્તાન, બેલારુસ અને મોંગોલિયાનો સમાવેશ થાય છે. ઈરાન પણ અત્યાર સુધી ઓબ્ઝર્વર દેશોમાં જ હતું.
- SCO એ યુરેશિયન રાજકીય, આર્થિક અને સુરક્ષા સંગઠન છે. જેનો ધ્યેય પ્રદેશમાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતા જાળવી રાખવાનો છે.
- તેનું વડું મથક ચીનના <u>બેઈજિંગ</u> ખાતે આવેલું છે.
- જ્યારે <u>પ્રાદેશિક આતંકવાદ વિરોધી માળખું (RATS)</u>ની એક્ઝિક્યુટિવ કમિટીનું મુખ્યમથક ઉઝબેકિસ્તાનના તાશ્કંદમાં છે. તે SCOનું કાયમી અંગ છે જે આંતકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદની સામે સભ્ય દેશોના સહકારને પ્રોત્સાહન આપવાનું કામ કરે છે.



**1.** કયા દિવસે 'આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 16 સપ્ટેમ્બર (B) 17 સપ્ટેમ્બર (C) 18 સપ્ટેમ્બર (D) 19 સપ્ટેમ્બર **(C)**

**2.** 'વિશ્વ વાંસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 સપ્ટેમ્બર (B) 17 સપ્ટેમ્બર (C) 18 સપ્ટેમ્બર (D) 19 સપ્ટેમ્બર **(C)**

**3.** તાજેતરમાં 'શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન' (SCO) સમિટ 2022 કયાં યોજાઈ હતી ?

(A) બિશ્કેક, કિર્ગિસ્તાન (B) સમરકંદ, ઉઝબેકિસ્તાન

(C) દુશાંબે, તાજિકિસ્તાન (D) અસ્તાના, કઝાકિસ્તાન **(B)**

**4.** SCOનું પૂરું નામ શું છે ?

(A) શાંઘાઈ કોઓર્ડિનન્સ ઓર્ગેનાઈઝેશન (B) સોશિયલ કોર્પોરેટ ઓર્ગેનાઈઝેશન

(C) સોશિયલ કો–ઓપરેટિવ ઓર્ગેનાઈઝેશન (D) શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન **(D)**

**5.** SCOની રચના ક્યારે થઈ હતી ?

(A) 26 એપ્રિલ, 1996 (B) 26 એપ્રિલ, 2001

(C) 15 જૂન, 1996 (D) 15 જૂન, 2001 **(D)**

**6.** 15 જૂન, 2001ના રોજ કેટલા દેશો દ્વારા SCOની સ્થાપના કરવામાં આવી હતી ?

(A) 8 (B) 5 (C) 7 (D) 6 **(D)**

**7.** SCOના સભ્ય દેશ તરીકે ભારત અને પાકિસ્તાનનો સમાવેશ કયારે થયો હતો ?

(A) 10 જૂન, 2017 (B) 7 જૂન, 2017 (C) 12 જૂન, 2017 (D) 9 જૂન, 2017 **(D)**

**8.** નીચેના પૈકી કયા દેશને SCOના નવમાં સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) મ્યાનમાર (B) ઈરાન (C) માલદીવ (D) ફિલિપાઈન્સ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# આસિયાન-ભારતના આર્થિક મંત્રીઓની બેઠક

તાજેતરમાં ભારત અને કંબોડિયાએ કંબોડિયામાં 19મી 'આસિયાન–ભારત આર્થિક મંત્રીઓની બેઠક'ની સહ–અધ્યક્ષતા કરી હતી.



- આ બેઠકમાં તમામ 10 ASEAN દેશોના આર્થિક મંત્રીઓ અથવા તેના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

## બેઠકના મહત્વના મુદ્દાઓ

### નોંધપાત્ર આર્થિક સંબંધો

મંત્રીઓના જણાવ્યા અનુસાર આસિયાન અને ભારત વચ્ચેના વેપાર અને આર્થિક સંબંધો કોવિડ–19 મહામારીની અસરમાંથી પુનઃપ્રાપ્ત થવા લાગ્યા છે.

- તથા આસિયાન અને ભારત વચ્ચેનો દ્વિ–માર્ગીય વેપાર વર્ષ 2021માં 91.5 બિલિયન યુએસ ડોલર સુધી પહોંચી ગયો છે, જે વાર્ષિક આધાર પર 39.2% વધ્યો છે.

### આસિયાન-ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલ

મંત્રીઓએ આસિયાન–ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (AIBC) દ્વારા આસિયાન–ભારત આર્થિક ભાગીદારીને વધારવા અને વર્ષ 2022માં AIBC દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

- આસિયાન–ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (AIBC)ની સ્થાપના માર્ચ 2003માં ભારત અને આસિયાન દેશોના ખાનગી ક્ષેત્રોના અગ્રણી એજન્ટોને બિઝનેસ નેટવર્કિંગ અને વિચારોની વહેંચણી માટે એક જ પ્લેટફોર્મ પર લાવવા માટે કરવામાં આવી હતી.

### Covid-19 પછી સુધારાઓ

મંત્રીઓએ મહામારીની આર્થિક અસરને ઘટાડવા અને કોવિડ–19 મહામારી પછી ટકાઉ પુનઃપ્રાપ્તિ તરફ કામ કરવા માટે સામૂહિક પગલાં લેવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સપ્લાય ચેઈન કનેક્ટિવિટી

મંત્રીઓએ આસિયાન–ઈન્ડિયા ટ્રેડ ઈન ગુડ્સ એગ્રીમેન્ટ (AITIGA) અપગ્રેડેશન વાટાઘાટો, કોવિડ–19 રસીકરણની પરસ્પર માન્યતા, રસીઓનું ઉત્પાદન, જાહેર આરોગ્ય દેખરેખ અને તબીબી તકનીકો દ્વારા આવશ્યક ચીજ વસ્તુઓ અને સેવાઓના પ્રવાહને જાળવવા માટે મજબૂત સપ્લાય ચેઈન કનેક્ટિવિટી હાંસલ કરવા માટે સામૂહિક પગલા લેવા માટે આસિયાન અને ભારતનું સ્વાગત કર્યુ છે.

## આસિયાન-ભારત કોમોડિટીઝ ટ્રેડ એગ્રીમેન્ટ

મંત્રીઓએ AITIGAની સમીક્ષાના અવકાશને ટેકો આપ્યો હતો જેથી તે વ્યવસાયો માટે વધુ વપરાશકર્તા મૈત્રીપૂર્ણ, સરળ અને વધુ અનુકૂળ બંને તેમજ સપ્લાય ચેઈન વિક્ષેપો સહિત વર્તમાન વૈશ્વિક અને પ્રાદેશિક પડકારો માટે જવાબદાર બનાવી શકે.

- આ ઉપરાંત AITIGAની સમીક્ષાને ઝડપી બનાવવા માટે AITIGA સંયુક્ત સમિતિને પણ સક્રિય કરી હતી.

## ASEAN વિશે

ASEANનું પૂરું નામ 'Association of Southeast Asian Nations' છે.

- આસિયાન એ દક્ષિણ–પૂર્વ એશિયાના 10 દેશોનું સંગઠન છે.
- તે એક પ્રાદેશિક જૂથ છે જે આર્થિક, રાજ્ય અને સુરક્ષા સહયોગને પ્રોત્સાહન આપે છે.
- 8 ઓગસ્ટ, 1967ના રોજ થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં આસિયાનની સ્થાપના થઈ હતી.
- તેના સભ્ય દેશોમાં બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, કંબોડિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે.
- ભારત આસિયાનનું સભ્ય નથી.
- આસિયાનનું સચિવાલય ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે આવેલું છે.
- તેનું અધ્યક્ષપદ તેના સભ્ય દેશોને તેના અંગ્રેજી નામોના મૂળાક્ષરોના ક્રમના આધારે વાર્ષિક ધોરણે એનાયત કરવામાં આવે છે.

નોંધ : (1) ASEAN દેશોની કુલ વસતી 650 મિલિયન છે અને સંયુક્ત GDP 8 ટ્રિલિયન અમેરિકન ડોલર છે. તેમાં લગભગ 86.9 બિલિયન અમેરિકન ડોલરના વેપાર સાથે ભારતનું ચોથું સૌથી મોટું વેપારી ભાગીદાર છે.

(2) એપ્રિલ 2021 થી ફેબ્રુઆરી 2022ના સમયગાળામાં ભારત અને ASEAN પ્રદેશ વચ્ચે કોમોડિટી વેપારી 98.39 બિલિયન અમેરિકન ડોલર સુધી પહોંચી ગયો છે. ભારતના વેપાર સંબંધો મુખ્યત્વે ઈન્ડોનેશિયા, સિંગાપોર, મલેશિયા, વિયેતનામ અને થાઈલેન્ડ છે.

(3) આસિયાન એ છ ભાગીદારો પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના, રિપબ્લિક ઓફ કોરિયા, જાપાન, ભારત, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલેન્ડ સાથે મુક્ત વેપાર કરાર ધરાવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જાપાન-ભારત મેરીટાઈમ કવાયત JIMEX 2022



તાજેતરમાં જાપાન–ભારત મેરીટાઈમ એક્સરસાઈઝ (JIMEX 22)ની છઠ્ઠી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

- JIMEX 2022નું આયોજન બંગાળની ખાડીમાં ભારતીય નૌકાદળ દ્વારા કરવામાં આવ્યું હતું.
- ભારતનું પ્રતિનિધિત્વ ત્રણ સ્વદેશી ડિઝાઈન અને નિર્મિત યુદ્ધ જહાજો દ્વારા કરાવામાં આવ્યું હતું.
- જેમાં સહ્યાદ્રી (મલ્ટિ–રોલ સ્ટીલ્થ ફ્રિગેટ) અને બે સબમરીન વિરોધી યુદ્ધ જહાજ કદમત્ત અને કાવારત્તી હતા.
- આ ઉપરાંત ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર રણવિજય, ફલીટ ટેન્કર જ્યોતિ, ઓફશર પેટ્રોલ વેસલ સુકન્યા, સબમરીન, MIG 29K ફાઈટર એરક્રાફ્ટ, લોન્ગ રેન્જ મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર પણ કવાયતમાં ભાગ લીધો હતો.
- આ અભ્યાસનો ઉદ્દેશ્ય સપાટી, ઉપસપાટી અને હવાઈ ક્ષેત્રમાં અભ્યાસ દ્વારા બંને દેશોના દરિયાઈ દળો વચ્ચે આંતર–કાર્યક્ષમતા સુધારવાનો છે.
- તે બંને દેશો વચ્ચે નેવિગેશન અને સંચાર પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત બનાવવાનો પણ પ્રયાસ કરે છે.

નોંધ : (1) જાન્યુઆરી, 2012માં દરિયાઈ સુરક્ષા સહયોગ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને JIMEX શ્રેણીની કવાયત શરૂ થઈ હતી.

(2) તે ભારતીય નૌકાદળ અને જાપાનીઝ મેરીટાઈમ સેલ્ફ–ડિફેન્સ ફોર્સ (JMSDF) વચ્ચે દ્વિવાર્ષિક રીતે હાથ ધરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. તાજેતરમાં ભારત અને કંબોડિયાએ કંબોડિયામાં કેટલામી 'આસિયાન–ભારત આર્થિક મંત્રીઓની બેઠક'ની સહ–અધ્યક્ષતા કરી હતી ?

(A) 19મી (B) 20મી (C) 21મી (D) 22મી (A)

2. નીચેના દેશોનો વિચાર કરો :

1. બ્રુનેઈ 2. ભારત 3. રશિયા 4. ઈન્ડોનેશિયા

5. થાઈલેન્ડ 6. મ્યાનમાર

આસિયાન (ASEAN)ના સભ્યોમાં ઉપરોક્તમાંથી કોનો સમાવેશ થાય છે.

(A) 1, 4, 5 અને 6 (B) 1, 3, 4 અને 5

(C) 1, 2, 3 અને 6 (D) 1, 2, 3, 4, 5 અને 6 (A)

3. 'પ્રાદેશિક વ્યાપક આર્થિક ભાગીદારી' શબ્દ વારંવાર કયા દેશોના જૂથોના સંદર્ભમાં હેડલાઈન્સ બનાવે છે. જે તાજેતરમાં પણ ચર્ચામાં હતું ?

(A) G20 (B) ASEAN (C) SCO (D) SAARC (B)

4. તાજેતરમાં કયા બે દેશ વચ્ચે JIMEX 2022 નામની કવાયત યોજાઈ હતી ?

(A) ભારત–ફિલિપાઈન્સ (B) ભારત–જાપાન

(C) ભારત–ઓસ્ટ્રેલિયા (D) ભારત–સિંગાપોર (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી' લોન્ચ કરી



તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી' (National Logistics Policy) 2022 લોન્ચ કરી હતી.

- રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ પોલિસીનો ઉદ્દેશ્ય સમગ્ર ભારતમાં માલસામાનની સરળ અવરજવરને પ્રોત્સાહન આપવાનો અને સ્થાનિક આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારતીય માલની સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપવાનો છે.
- આ ઉપરાંત તેનો હેતુ 'છેલ્લા માઈલ સુધી ઝડપી ડિલિવરી' તેમજ પરિવહન સંબંધિત પડકારોને દૂર કરવાનો છે.

### લોજિસ્ટિક્સ શું છે ?

લોજિસ્ટિક્સમાં સંસાધનો, લોકો, કાચોમાલ, ઈન્વેન્ટરી, સાધનો વગેરેને એક જગ્યાએથી બીજી જગ્યા પર એટલે કે ઉત્પાદન બિંદુઓથી વપરાશ, વિતરણ અને અન્ય ઉત્પાદન બિંદુઓ સુધી લઈ જવાની સાથે આયોજન, સંકલન અને વેરહાઉસિંગ પ્રક્રિયાનો સમાવેશ થાય છે.

- લોજિસ્ટિક શબ્દ તેમના ઈચ્છિત સ્થાન પર સંસાધનોના સંપાદન, સંગ્રહ અને વિતરણને નિયંત્રિત કરવાની સમગ્ર પ્રક્રિયાનું વર્ણન કરે છે.

### નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી (NLP) 2022

આ નીતિ મુખ્ય ક્ષેત્રો જેમ કે પ્રોસેસ રિ–એન્જિનિયરિંગ, ડિજિટાઈઝેશન અને મલ્ટિ–મોડલ ટ્રાન્સપોર્ટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

- તે એક મહત્વપૂર્ણ પગલું છે કારણ કે ઉચ્ચ લોજિસ્ટિક ખર્ચ આંતરરાષ્ટ્રીય બજારમાં સ્થાનિક માલની સ્પર્ધાત્મકતાને અસર કરે છે.
- અન્ય વિકસિત અર્થતંત્રોની તુલનામાં ભારતમાં લોજિસ્ટિક્સ ખર્ચ વધુ હોવાથી રાષ્ટ્રીય લોજિસ્ટિક નીતિની જરૂરિયાત અનુભવાઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લક્ષ્ય

- આ પોલિસીની મદદથી લોજિસ્ટિક ખર્ચ ઘટાડવાના પ્રયાસો કરવામાં આવશે.
- આ પોલિસીનો હેતુ ખર્ચમાં ઘટાડો કરવાનો છે, જે હાલમાં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)ના 14-15 ટકા જેટલો હિસ્સો ધરાવે છે. જેમાં વર્ષ 2030 સુધીમાં લગભગ 8 ટકાનો ઘટાડો થશે.
- વિશ્વની 5મી સૌથી મોટી અર્થવ્યવસ્થા હોવાના કારણે ભારત 2030 સુધીમાં લોજિસ્ટિક પર્ફોમન્સ ઈન્ડેક્સ (LPI)માં ટોચના 10માં સ્થાન મેળવવાનું લક્ષ્ય રાખે છે.
- કાર્યક્ષમ લોજિસ્ટિક્સ ઈકોસિસ્ટમને સક્ષમ કરવા માટે ડેટા–આધારિત નિર્ણય સપોર્ટ સિસ્ટમ (DSS) બનાવવી.
- પોલિસીનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે લોજિસ્ટિક સમસ્યાઓ ઓછી થાય, નિકાસ અનેક ગણો વધે તથા નાના ઉદ્યોગો અને તેમાં કામ કરતા લોકોને વધુ લાભ મળે.

## નેશનલ લોજિસ્ટિક પોલિસીની વિશેષતાઓ

### (1) ડિજિટલ એકીકરણ સિસ્ટમ

- તે સરળતાથી અને ઝડપથી કામની ગતિને વધારશે જેથી લોજિસ્ટિક સેવાઓને કાર્યક્ષમની સાથે સુનિશ્ચિત કરી શકાય.

### (2) યુનિફાઈડ લોજિસ્ટિક્સ ઈન્ટરફેસ પ્લેટફોર્મ

- તેનો હેતુ લોજિસ્ટિક અને ટ્રાન્સપોર્ટ સેક્ટરની તમામ ડિજિટલ સેવાઓને એક જ પોર્ટલ પર લાવવાનો છે.
- જેનાથી ઉત્પાદકો અને નિકાસકારોને લાંબી અને બોજારૂપ પ્રક્રિયાઓ જેવી વર્તમાન સમસ્યાઓમાંથી મુક્તિ મળે છે.

### (3) લોજિસ્ટિક સેવાઓની સરળતા

- ઈ–લોગ્સ, નવુ ડિજિટલ પ્લેટફોર્મ, ઉદ્યોગને ઝડપી ઉકેલ માટે સરકાર એજન્સીઓ સાથે ઓપરેશનલ મુદ્દાઓ ઉઠાવવાની મંજૂરી આપશે.

### (4) વ્યાપક લોજિસ્ટિક એક્શન પ્લાન

- વ્યાપક લોજિસ્ટિક એક્શન પ્લાન જેમાં સંકલિત ડિજિટલ લોજિસ્ટિક સિસ્ટમ, ભૌતિક અસ્કયામતોનું માનકીકરણ, બેન્ચમાર્કિંગ સેવા ધોરણો, માનવ સંસાધન વિકાસ, ક્ષમતા નિર્માણ, લોજિસ્ટિક પાર્કનો વિકાસ વગેરેનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# UNEPએ ગ્રીન ફિન્સ હબ શરૂ કર્યુ

યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટલ પ્રોગ્રામ (UNEP) અને યુકે સ્થિત ચેરિટી રીફ–વર્લ્ડ ફાઉન્ડેશને ટકાઉ દરિયાઈ પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે 'ગ્રીન ફિન્સ હબ' (Green Fins Hub)ની શરૂઆત કરી છે.

## ગ્રીન ફિન્સ હબ

ગ્રીન ફિન્સ હબ એ સૌપ્રથમ વૈશ્વિક દરિયાઈ પ્રવાસન ઉદ્યોગ મંચ છે.

- ગ્રીન ફિન્સ હબ વિશ્વભરના ડાઈવિંગ અને સ્નોર્કલિંગ ઓપરેટરો માટેનું વૈશ્વિક ડિજિટલ પ્લેટફોર્મ છે.
- તે ટકાઉ દરિયાઈ પ્રવાસનને 'પ્રોત્સાહન' આપશે.
- આ પ્લેટફોર્મ વિશ્વભરના ડાઈવિંગ અને સ્નોર્કલિંગ ઓપરેટરોને પરીક્ષણ કરાયેલા ઉકેલોનો ઉપયોગ કરીને તેમના દૈનિક વ્યવહારમાં સરળ, ખર્ચ–અસરકારક ફેરફારો કરવામાં મદદ કરશે.
- તે તેમના વાર્ષિક સુધારાઓને ટ્રેક કરવામાં અને તેમના સમુદાયો અને ગ્રાહકો સાથે વાતચીત કરવામાં પણ મદદ કરશે.
- તે રીફ–વર્લ્ડ ફાઉન્ડેશન દ્વારા UNEP સાથે મળીને વિકસાવવામાં આવ્યું છે.
- તે પરવાળાના ખડકો અને તેમની નાજુક દરિયાઈ જીવસૃષ્ટિને સુરક્ષિત રાખવા માટે વૈશ્વિક શ્રેષ્ઠ પ્રયાસો વિશે જાગૃતિ ફેલાવવામાં મદદ કરશે.
- આ ફોરમમાં ગ્રીન ફિન્સ કોમ્યુનિટી ફોરમ ઓપરેટરોને પર્યાવરણીય મુદ્દાઓ પર ચર્ચા કરવા, શ્રેષ્ઠ પ્રયાસો શેર કરવા અને સમગ્ર ઉદ્યોગ સાથે ઉદ્યોગની જરૂરિયાતોને સંબોધવા સક્ષમ બનાવશે.
- ગ્રીન ફિન્સ સોલ્યુશન લાઈબ્રેરી દૈનિક ઓપરેશનલ પડકારોને ઉકેલવા માટે લગભગ 100 સાબિત પર્યાવરણીય ઉકેલો પ્રદાન કરે છે.
- એક્શન પ્લાન ટ્રેકર સભ્યોને ચોક્કસ ધ્યેયો સાથે વાર્ષિક ટકાઉપણું એક્શન પ્લાન પ્રાપ્ત કરવા સક્ષમ બનાવશે.
- પ્લેટફોર્મ બે પ્રકારની મેમ્બરશિપ પ્રદાન કરે છે– ડિજિટલ મેમ્બરશિપ અને ગ્રીન ફિન સર્ટિફાઈડ મેમ્બર
- વિશ્વભરમાં સ્નોર્કલ અને લાઈવબોર્ડ કામગીરી માટે ડિજિટલ સભ્યપદ ઉપલબ્ધ રહેશે. એક વર્ષના સબ્ક્રિપ્શન દરમિયાન ઓપરેટરો ઓનલાઈન સ્વ–મૂલ્યાંકનના આધારે પર્યાવરણીય સ્કોર મેળવશે.
- ગ્રીન ફિન્સ પ્રમાણિત સભ્યોનું વાર્ષિક મૂલ્યાંકન કરવામાં આવશે અને તેમની કામગીરીમાં વ્યક્તિગત રીતે તાલીમ આપવામાં આવશે.

## ભારતમાં 70 વર્ષ પછી ચિત્તાનું આગમન




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના 72મા જન્મ દિવસે મધ્યપ્રદેશના 'કૂનો નેશનલ પાર્ક'માં નામિબિયાથી લાવવામાં આવેલા 8 ચિત્તાને કાયમી વસવાટ માટે મુક્ત કર્યા હતા.

- આ આઠ ચિત્તામાં ત્રણ નર અને પાંચ માદા ચિત્તાનો સમાવેશ થાય છે.
- આ ચિત્તાને નામિબિયાથી ખાસ વિમાનમાં ગ્વાલિયર લાવવામાં આવ્યા હતા. અને ત્યાંથી ચિનુક હેલિકોપ્ટરમાં કૂનો નેશનલ પાર્કમાં લાવવામાં આવ્યા હતા.
- ચિત્તા નામિબીયાથી લાવવામાં આવેલ– 'પ્રોજેક્ટ ચિત્તા' હેઠળ ભારતમાં રજૂ કરવામાં આવ્યા છે. જે વિશ્વનો પ્રથમ આંતર–ખંડીય વિશાળ જંગલી માંસાહારી ટ્રાન્સલોકેશન પ્રોજેક્ટ છે.
- વર્ષ 1947માં છેલ્લો ચિત્તો છત્તીસગઢમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો.
- ત્યારબાદ વર્ષ 1952માં ચિત્તાને ભારતમાંથી લુપ્ત જાહેર કરવામાં આવ્યો હતો.
- વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII)એ થોડા વર્ષ પહેલા ચિત્તા પુનર્વસન પ્રોજેક્ટ તૈયાર કર્યો હતો.

નોંધ : (1) તાજેતરમાં નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA)એ 'પ્રોજેક્ટ ચિત્તા' હેઠળ આફ્રિકાથી ચિત્તાઓને ભારતમાં સ્થળાંતરિત કરવા માટે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન સાથે સમજૂતિ કરાર (MOU) પર હસ્તાક્ષર કર્યા હતા.

(2) NTCAની 19મી બેઠક દરમિયાન પર્યાવરણ મંત્રાલયે 'ભારતમાં ચિત્તા પરિચય માટે એક્શન પ્લાન' જાહેર કર્યો હતો.

(3) આ એક્શન પ્લાન હેઠળ આગામી 5 વર્ષમાં નામિબિયામાંથી 50 આફ્રિકન ચિત્તા ભારતમાં ટ્રાન્સફર કરવામાં આવશે.

### ચિત્તા વિશે

ચિત્તો એ બિલાડીની સૌથી જૂની જાતિઓમાંનો એક છે.

- જેના પૂર્વજો પાંચ મિલિયન કરતા પણ વધુ વર્ષો પહેલા મિયોસિન યુગમાં શોધી શકાય છે.
- ચિત્તા એ વિશ્વના સૌથી ઝડપી ભૂમિ સસ્તન પ્રાણી છે.
- તે 80 થી 128 કિમી/કલાકની ઝડપે દોડવા સક્ષમ હોવાનો અંદાજ છે.

## આફ્રિકન ચિત્તા



આફ્રિકન ચિત્તાનું વૈજ્ઞાનિક નામ 'Acinonyx Jubatus' છે.

- તેમની ત્વચા સહેજ ભૂરા અને સોનેરી રંગની હોય છે જે એશિયાટિક ચિત્તા કરતા જાડી હોય છે.
- તેમના ચહેરા પર એશિયન પ્રજાતિઓ કરતા ઘણા વધુ ફોલ્લીઓ અને રેખાઓ છે.
- તે સમગ્ર આફ્રિકન ખંડમાં હજારોની સંખ્યામાં જોવા મળે છે.
- સંરક્ષણ સ્થિતિ :

(1) IUCN રેડ લિસ્ટ : સંવેદનશીલ, (2) CITESની યાદી : સૂચિનું પરિશિષ્ટ–I,

(3) વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ, 1972 (WPA) : પરિશિષ્ટ–II

## એશિયાટિક ચિત્તા



એશિયાટિક ચિત્તાનું વૈજ્ઞાનિક નામ 'Acinonyx Jubatus Veneticus' છે.

- તેનું કદ આફ્રિકન ચિત્તા કરતા નાનુ છે.
- એશિયાટિક ચિત્તાના શરીર પર ખૂબ જ રુંવાટી હોય છે.
- તથા ટૂંકુ માથુ અને લાંબી ગરદન અને આંખો સામાન્ય રીતે લાલ હોય છે તથા ઘણીવાર બિલાડીઓ જેવા દેખાય છે.
- એશિયાટિક ચિત્તા ફક્ત ઈરાનમાં જ જોવા મળે છે. જે થોડા માત્રામાં જ હવે રહ્યા છે.
- સંરક્ષણ સ્થિતિ :

(1) IUCN રેડ લિસ્ટ : ક્રિટિકલી એન્ડેન્જર્ડ, (2) CITES : પરિશિષ્ટ–I,

(3) WPA : પરિશિષ્ટ–II

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કુનો નેશનલ પાર્ક

કુનો નેશનલ પાર્કની સ્થાપના વર્ષ 1981માં શિયોપુર અને મોરેના જિલ્લામાં 344.686 $km^2$ ના પ્રારંભિક વિસ્તાર સાથે વન્યજીવ અભ્યારણ્ય તરીકે કરવામાં આવી હતી.

- ત્યારબાદ વર્ષ 2018માં રાષ્ટ્રીય ઉદ્યાનનો દરજ્જો આપવામાં આવ્યો હતો.
- તેનું નામ કુનો નદીના નામ પરથી રાખવામાં આવ્યું છે. જે ચંબલ નદીની મધ્ય ઉપનદીઓમાંની એક છે.
- તેમાં ચિતલ, સાંભર, નીલગાય, જંગલી ભૂંડ, ચિકારા, જંગલી બિલાડી, ભારતી વરુ વગેરે જેવા પ્રાણીઓ વસવાટ કરે છે.

1. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી' (National Logistics Policy) 2022 લોન્ચ કરી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. આ નીતિ મુખ્ય ક્ષેત્રો જેમ કે પ્રોસેસ રિ–એન્જિનિયરિંગ, ડિજિટાઈઝેશન અને મલ્ટિ–મોડલ ટ્રાન્સપોર્ટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
   2. આ પોલિસીની મદદથી લોજિસ્ટિક ખર્ચ ઘટાડવાના પ્રયાસો કરવામાં આવશે.
   3. આ પોલિસીનો ઉદ્દેશ્ય સમગ્ર ભારતમાં માલસામાનની સરળ અવરજવરને પ્રોત્સાહન આપવાનો અને સ્થાનિક આંતરરાષ્ટ્રિય બજારોમાં ભારતીય માલની સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપવાનો છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ગ્રીન ફિન્સ હબ' (Green Fins Hub) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. ગ્રીન ફિન્સ હબ એ સૌપ્રથમ વૈશ્વિક દરિયાઈ પ્રવાસન ઉદ્યોગ મંચ છે.
   2. તેની શરૂઆત UNEP અને યુકે સ્થિત ચેરિટી રીફ–વર્લ્ડ ફાઉન્ડેશને કરી છે.
   3. ગ્રીન ફિન્સ હબ વિશ્વભરના ડાઈવિંગ અને સ્નોર્કલિંગ ઓપરેટરો માટેનું વૈશ્વિક ડિજિટલ પ્લેટફોર્મ છે.
   4. તે ટકાઉ દરિયાઈ પ્રવાસનને પ્રોત્સાહન આપશે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(D)**

3. તાજેતરમાં પ્રોજેક્ટ ચિત્તા હેઠળ ભારતમાં લાવવામાં આવેલા 8 ચિત્તાઓને કયા નેશનલ પાર્કમાં છોડવામાં આવ્યા છે ?

   (A) કુનો નેશનલ પાર્ક, મધ્યપ્રદેશ (B) માધવ નેશનલ પાર્ક, મધ્યપ્રદેશ

   (C) બાંધવગઢ નેશનલ પાર્ક, મધ્યપ્રદેશ (D) ઓમકારેશ્વર નેશનલ પાર્ક, મધ્યપ્રદેશ **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 21 સપ્ટેમ્બર, (1) વિશ્વ શાંતિ દિવસ (World Peace Day)
## (2) વિશ્વ અલ્ઝાઈમર દિવસ

### વિશ્વ શાંતિ દિવસ




સમગ્ર પૃથ્વી પર શાંતિ, સહિષ્ણુતા અને અહિંસાની સ્થાપના માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ શાંતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં શાંતિ અને સૌહાર્દ ફેલાય તે માટે તથા યુદ્ધ અને હિંસા ન થાય તે માટે જાગૃતિ ફેલાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા વર્ષ 1981માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- જોકે, શરૂઆતમાં સપ્ટેમ્બર મહિનાના ત્રીજા મંગળવારે આ દિવસની ઉજવણી કરવામાં આવતી હતી.
- ત્યારબાદ વર્ષ 2001માં સપ્ટેમ્બર મહિનાના ત્રીજા મંગળવારની જગ્યાએ દર વર્ષે 21 સપ્ટેમ્બરના રોજ આ દિવસની ઉજવણી કરવાનું નક્કી થયું હતું. અને વર્ષ 2002થી તેનો પ્રારંભ થયો હતો.
- વર્ષ 2022ની 'વિશ્વ શાંતિ દિવસ'ની થીમ 'End racism, Build Peace' છે. જેનો અર્થ થાય છે 'જાતિવાદનો અંત લાવવો, શાંતિ સ્થાપિત કરો'.

નોંધ : 'World Peace Day'ને 'International Day of Peace' તરીકે પણ ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વિશ્વ અલ્ઝાઈમર દિવસ

દર વર્ષે 21 સપ્ટેમ્બરને 'વિશ્વ અલ્ઝાઈમર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- વિશ્વ અલ્ઝાઈમર દિવસ લોકોને અલ્ઝાઈમર રોગથી બચાવવા અને તેના વિશે જાગૃતિ લાવવા માટે ઉજવવામાં આવે છે.
- અલ્ઝાઈમર ડિસીઝ ઈન્ટરનેશનલ (ADI)ની સ્થાપના વર્ષ 1984માં થઈ હતી.
- અલ્ઝાઈમર ડિસીઝ ઈન્ટરનેશનલની દસમી વર્ષગાંઠ પર 1994માં વર્લ્ડ અલ્ઝાઈમર ડે જાહેર કરવામાં આવ્યો હતો, ત્યારથી આ દિવસ 21 સપ્ટેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.
- અલ્ઝાઈમર રોગ એ ન્યુરોલોજિકલ ડિસઓર્ડર છે જે મગજના ચેતા કોષોને નષ્ટ કરે છે.
- તેના કારણે દર્દીની શારીરિક અને માનસિક સ્થિતિ નબળી પડી જાય છે, તેને કશુ યાદ રહેતુ નથી, તેની નિર્ણય લેવાની ક્ષમતા ઘટી જાય છે.
- જેમ જેમ આ રોગ વધતો જાય તેમ તેમ યાદશક્તિની સમસ્યા વધે છે.

# AIBDની 47મી વાર્ષિક સભા

તાજેતરમાં 47મી 'એશિયા–પેસિફિક ઈન્સ્ટિટ્યૂટ ઓફ બ્રોડકાસ્ટિંગ ડેવલપમેન્ટ' (AIBD)ની વાર્ષિક સભા અને 20મી AIBD જનરલ કોન્ફરન્સ અને સંલગ્ન બેઠકો નવી દિલ્હીમાં યોજાઈ હતી.

- આ બેઠકમાં AIBDએ સર્વસંમતિથી ભારતના અધ્યક્ષ પદને વધુ એક વર્ષ માટે લંબાવ્યું છે.
- 19 અને 20 સપ્ટેમ્બર દરમિયાન આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ કોન્ફરન્સમાં સંખ્યાબંધ ચર્ચાઓ, પ્રસ્તુતિઓ અને વિચારોની આપ–લે દર્શાવવામાં આવી હતી.
- આ કોન્ફરન્સ 'મહામારી પછીના યુગમાં બ્રોડકાસ્ટિંગના મજબૂત ભવિષ્યનું નિર્માણ' થીમ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- સહકારી પ્રવૃત્તિઓ અને વિનિમય કાર્યક્રમો માટે પંચવર્ષિય યોજનાને પણ આખરી ઓપ આપવામાં આવ્યો હતો.
- બધા સહભાગી દેશો અને સભ્ય બ્રોડકાસ્ટર્સે એક ટકાઉ પ્રસારણ વાતાવરણ, નવીનતમ તકનીકી જાણકારી અને શ્રેષ્ઠ માહિતી સામગ્રી માટે સાથે મળીને કામ કરવાનું વચન આપ્યું હતું.

## AIBD

AIBDનું પૂરું નામ 'Aisa-Pacific Institute for Broadcasting Development' છે.

- AIBDની સ્થાપના વર્ષ 1977માં સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા (UNESCO)ના સમર્થનથી કરવામાં આવી હતી.
- તે એક પ્રાદેશિક આંતર–સરકારી સંસ્થા છે જે યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કમિશન ફોર એશિયા એન્ડ ધ પેસિફિક (UN-ESCAP)ના દેશોને ઈલેક્ટ્રોનિક મીડિયા ડેવલપમેન્ટના ક્ષેત્રમાં સહયોગ કરવા માટે એક સાથે લાવે છે.
- તેનો ઉદ્દેશ એશિયા પેસિફિક ક્ષેત્રમાં નીતિ ઘડતર અને સંસાધન વિકાસ દ્વારા ગતિશીલ અને સુસંગત ઈલેક્ટ્રોનિક મીડિયા વાતાવરણ પ્રાપ્ત કરવાનો છે.
- તેમાં ભારત સહિત 26 દેશો છે જે સંપૂર્ણ સભ્ય છે.
- તેનું સચિવાલય મલેશિયાના કુઆલાલંપુર ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજકીય પક્ષોને મળતા રોકડ-દાનની મહત્તમ મર્યાદા નક્કી થશે : ચૂંટણી પંચ

દેશમાં યોજાતી ચૂંટણીઓમાં કાળા નાણા અને રોકડના સતત વધતા જતા પ્રભાવને ડામવા માટે ચૂંટણીપંચ દ્વારા કાયદા મંત્રાલયને એક પત્ર લખી રાજકીય પક્ષોને મળતા રોકડ–દાન પર મર્યાદા લાદવાની ભલામણ કરી છે.

- આ ઉપરાંત ચૂંટણી પંચે (ECI) ઉમેદવાર તરફથી પારદર્શિતા અને જવાબદારી વધારવા માટે જન પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951માં પણ ઘણા સુધારા સૂચવ્યા છે.

### ભારતીય ચૂંટણી પંચની ભલામણો

### 2000થી વધુના દાનની જાણ કરવી

2000 રૂપિયાથી વધુના તમામ દાનની જાણ કરવી આવશ્યક છે, જેનાથી ભંડોળમાં પારદર્શિતા વધે છે.

- નિયમો અનુસાર રાજકીય પક્ષોએ 20,000 રૂપિયાથી વધુના તમામ દાનને તેમના યોગદાન અહેવાલ દ્વારા જાહેર કરવું પડશે જે ચૂંટણી પંચને સુપરત કરવામાં આવે છે.

### ડિજિટલ અથવા ચેક વ્યવહારો

- એક એકમ અથવા વ્યક્તિએ 2000 રૂપિયાથી વધુના તમામ ખર્ચ માટે ડિજિટલ વ્યવહારો અથવા એકાઉન્ટ પ્રાપ્તકર્તા ચેક ટ્રાન્સફર ફરજિયાત બનાવવું જોઈએ.

### રોકડ દાનને મર્યાદિત કરવું

- રોકડ દાન પક્ષ દ્વારા પ્રાપ્ત કુલ રકમના 20% અથવા વધુમાં વધુ રૂ. 20 કરોડ બેમાંથી જે ઓછું હોય તે સુધી મર્યાદિત હોવું જોઈએ.

### અલગ બેંક ખાતું

- દરેક ઉમેદવારે ચૂંટણી હેતુઓ માટે એક અલગ બેંક ખાતુ ખોલાવવું જોઈએ અને આ ખાતા દ્વારા તમામ ખર્ચ અને રસીદો રુટ કરવી જોઈએ અને તેને આ વિગતો તેના/તેણીના ચૂંટણી ખર્ચ ખાતામાં સબમિટ કરવી જોઈએ.

### વિદેશી દાનનું અલગીકરણ

ચૂંટણી પંચે જન પ્રતિનિધિત્વ અધિનિયમ અને ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ (FCRA), 2010 હેઠળ પક્ષોના ભંડોળમાં કોઈ વિદેશી યોગદાન ન મળે તેની ખાતરી કરવા માટે 'ચૂંટણી સુધારણા' માટે પણ હાકલ કરી છે.

- હાલમાં દાનની પ્રાપ્તિના પ્રારંભિક તબક્કામાં વિદેશી દાનને ખાસ રીતે અલગ કરવાની કોઈ વ્યવસ્થા નથી.

## કેન્દ્રીય ચૂંટણી પંચ વિશે

કેન્દ્રીય ચૂંટણી પંચ એ એક સ્થાયી અને બંધારણીય સંસ્થા છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ 324 અનુસાર લોકસભા, રાજ્યસભા, રાજ્ય વિધાનસભાઓ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીઓનું સંચાલન અને નિયંત્રણ કરે છે.
- ચૂંટણી પંચની સ્થાપના 25 જાન્યુઆરી, 1950ના રોજ થઈ હતી.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્તમાન ચૂંટણીપંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય બે ચૂંટણી કમિશનર કાર્યરત છે.

નોંધ : (1) ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ કરે છે.

(2) ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર પોતાનું રાજીનામુ રાષ્ટ્રપતિને આપી શકે છે.

(3) કેન્દ્રિય ચૂંટણી પંચ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યસભાના સભ્યો, લોકસભા અને રાજ્ય વિધાનમંડળની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

(4) જ્યારે રાજ્ય ચૂંટણીપંચ પંચાયતો અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

1. 'વિશ્વ શાંતિ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 સપ્ટેમ્બર (B) 19 સપ્ટેમ્બર (C) 20 સપ્ટેમ્બર (D) 21 સપ્ટેમ્બર (D)

2. વર્ષ 2022ના 'વિશ્વ શાંતિ દિવસ'ની થીમ શું હતી ?

(A) End, racism, Build Peace (B) Stand up for International Peace

(C) Shaping Peace Togrther (D) Right to Peace of People (A)

3. 'વિશ્વ અલ્ઝાઈમર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 સપ્ટેમ્બર (B) 19 સપ્ટેમ્બર (C) 20 સપ્ટેમ્બર (D) 21 સપ્ટેમ્બર (D)

4. તાજેતરમાં AIBDની 47મી વાર્ષિક સભા ક્યાં યોજાઈ હતી ?

(A) દિલ્હી (B) બેઈજિંગ (C) ટોક્યો (D) જકાર્તા (A)

5. તાજેતરમાં ભારતીય ચૂંટણી પંચે કાયદા મંત્રાલયને એક પત્ર લખી રાજકીય પક્ષોને મળતા રોકડ–દાન પર મર્યાદા લાદવાની ભલામણ કરી છે. આ ભલામણો પૈકી નીચેના પૈકી કોનો સમાવેશ થશે ?

1. 2000 રૂપિયાથી વધુના તમામ દાનની જાણ કરવી આવશ્યક છે.

2. રોકડ દાન પક્ષ દ્વારા પ્રાપ્ત કુલ રકમના 20% અથવા વધુમાં વધુ રૂ. 20 કરોડ બેમાંથી ઓછું હોય તે સુધી મર્યાદિત હોવું જોઈએ.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 સાચું (B) ફક્ત 2 સાચું

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**દિવસ મહિમા : 22 સપ્ટેમ્બર, (1) વિશ્વ કાર મુક્ત દિવસ (World Car Free Day)**
**(2) વિશ્વ ગુલાબ દિવસ (World Rose Day)**
**(3) વિશ્વ ગેંડા દિવસ (World Rhino Day)**

## વિશ્વ ગુલાબ દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ગુલાબ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ ગુલાબ દિવસનો મુખ્ય ઉદ્દેશ કેન્સર વિશે જાગૃતિ ફેલાવવાનો છે. અને કેન્સર સામે લડતા લોકોમાં આશા અને ઉત્સાહ ફેલાવવાનો છે.
- વિશ્વ ગુલાબ દિવસ 12 વર્ષની દિકરી સુશ્રી મેલિન્ડા રોઝની યાદમાં ઉજવવામાં આવે છે.
- આ કેનેડિયન દિકરીને એક દુર્લભ બ્લડ કેન્સર એસ્કીન્સ ટ્યૂમર હતું. સારવાર દરમિયાન ડોક્ટરોએ જણાવ્યું હતું કે તેઓ અઠવાડિયાથી વધુ જીવશે નહીં, પરંતુ તેઓ અઠવાડિયાને બદલે છ મહિના જીવ્યા હતા.
- તેમણે દરેક દિવસને અર્થપૂર્ણ બનાવ્યો હતો અને અન્ય કેન્સર દર્દીઓને પત્રો, કવિતાઓ અને ઈ–મેઈલ મોકલીને તેમને ખૂશ કરવાનો પ્રયત્ન કર્યો હતો.
- વિશ્વ ગુલાબ દિવસ કેન્સરના દર્દીઓને એ સંદેશો આપે છે કે મજબૂત ઈચ્છાશક્તિ અને ભાવનાથી રોગ સામે લડી શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXA

## વિશ્વ ગેંડા દિવસ

ગેંડાની તમામ પાંચ પ્રજાતિઓ વિશે જાગૃતિ ફેલાવવા અને તેમને બચાવવા માટે કરવામાં આવી રહેલા કાર્ય તરફ ધ્યાન દોરવા માટે 22 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ગેંડા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ગેંડાની પાંચ પ્રજાતિઓ નીચે મુજબ છે :

  (1) સફેદ ગેંડો (White Rhino) (આફ્રિકામાં જોવા મળે છે)

  (2) કાળો ગેંડો (Black Rhino) (આફ્રિકામાં જોવા મળે છે)

  (3) એક શિંગડાવાળો ગેંડો (Greater One-Horned)

  (4) જાવા/જવન ગેંડા (Javan Rhino)

  (5) સુમાત્રન ગેંડો (Sumatran Rhino)
- વિશ્વ ગેંડા દિવસ 2022ની થીમ 'Five Rhino Species Forever' છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# સોલાર મોડ્યુલો માટે PLI યોજના



તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે ઘરેલુ સોલાર સેલ મોડ્યુલના ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા માટે રૂ. 19,500 કરોડના પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI)ને મંજૂરી આપી છે.

- નવેમ્બર 2020માં મંજૂર કરાયેલ રૂ. 500 કરોડના તબક્કાનું આ ફોલો–અપ છે, જેનો ઉદ્દેશ્ય ચાઈના નિર્મિત પેનલ્સ પર ઉદ્યોગની નિર્ભરતા ઘટાડવાનો છે.
- PLI યોજનાના બીજા તબક્કા સાથે સરકાર દેશમાં સંપૂર્ણ અને આંશિક રીતે સંકલિત, સોલાર પીવી મોડ્યુલ્સની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા લગભગ 65 GW સ્થાપિત કરવાની અપેક્ષા રાખે છે.

## મહત્વ

આ PLI યોજનાના પરિણામે લગભગ રૂ. 94,000 કરોડનું પ્રત્યક્ષ રોકાણ થશે.

- તથા લગભગ 1,95,000 લોકોને પ્રત્યક્ષ રીતે અને લગભગ 7,80,000 લોકોને પરોક્ષ રીતે રોજગાર મળશે.
- તેનાથી ભારતને આયાતમાં આશરે રૂ. 1.37 લાખ કરોડની બચત થશે.
- આ યોજનાઓ સાથે 70-80 GW ક્ષમતા અપેક્ષિત છે. જે ભારતની સ્થાનિક જરૂરિયાતો તેમજ નિકાસનું ધ્યાન રાખશે.
- રાજ્ય સરકારની ઔદ્યોગિક નીતિઓ હેઠળ રાજ્યના પ્રોત્સાહનો સાથે PLI લાભો, કસ્ટમ ડ્યૂટીમાં રાહત અથવા અસ્થગિત ડ્યૂટી (શુલ્ક) યોજનાઓ પ્રોજેક્ટના આંતરિક વળતર દર (IRR)ને સુધારવામાં મદદ કરશે અને ભારતીય નીર્મિત સોલાર PV મોડ્યૂલોને બજારમાં સ્પર્ધાત્મક બનાવશે.

## PLI યોજના શું છે ?

Production- Linked Incentive (PLI) યોજનાની કલ્પના ઉચ્ચ આયાત અવેજીકરણ અને રોજગાર સર્જન સાથે સ્થાનિક ઉત્પાદન ક્ષમતાને વધારવા માટે કરવામાં આવી હતી.

- સરકારે વિવિધ ક્ષેત્રો માટે PLI યોજનાઓ હેઠળ રૂ. 1.97 લાખ કરોડની જોગવાઈ કરી છે અને નાણાકીય વર્ષ 2022-23ના બજેટમાં PLI માટે સોલાર પીવી મોડ્યુલ્સ માટે રૂ. 19,500 કરોડની વધારાની ફાળવણી કરવામાં આવી છે.
- વર્ષ 2020માં શરૂ કરાયેલ આ યોજનાએ શરૂઆતમાં ત્રણ ઉદ્યોગોને લક્ષ્યાંકિત કર્યા હતા :

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(1) મોબાઈલ અને સંલગ્ન ઘટકોનું ઉત્પાદન **(Moblie and Allied Component Manufacturing)**

(2) વિદ્યુત ઘટકોનું ઉત્પાદન **(Electrical Component Manufacturing)**

(3) તબીબી ઉપકરણો **(Medical Devices)**

- અત્યાર સુધીમાં સરકારે ઓટોમોબાઈલ અને ઓટો કમ્પોનન્ટ્સ, ઈલેક્ટોનિક્સ અને આઈટી હાર્ડવેર, ટલિકોમ્યુનિકેશન, ફાર્માસ્યુટિકલ્સ, સોલાર મોડ્યુલ્સ, મેટલ્સ અને માઈનિંગ, ટેક્સટાઈલ અને એપેરલ, ડ્રોન અને એડવાન્સ કેમિકલ સેલ બેટરી સહિત 14 સેક્ટર માટે PLI યોજના જાહેર કરી છે.

## ઉદ્દેશ

- ચીન અને અન્ય દેશો પર ભારતની નિર્ભરતા ઘટાડવા માટે સરકારે આ યોજના શરૂ કરી છે.
- તે શ્રમ–સઘન ક્ષેત્રોને સમર્થન આપે છે અને ભારતમાં રોજગાર ગુણોત્તર વધારવાનો હેતુ ધરાવે છે.
- આ યોજના આયાત બિલ ઘટાડવા અને સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે પણ કામ કરે છે.
- PLI યોજના વિદેશી કંપનીઓને ભારતમાં તેના એકમો સ્થાપવા આમંત્રણ આપે છે અને સ્થાનિક સાહસોને તેમના ઉત્પાદન એકમોના વિસ્તરણ માટે પ્રોત્સાહિત કરે છે.




1. 'વિશ્વ કાર મુક્ત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 23 સપ્ટેમ્બર (D) 24 સપ્ટેમ્બર (B)

2. 'વિશ્વ ગુલાબ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 23 સપ્ટેમ્બર (D) 24 સપ્ટેમ્બર (B)

3. 'વિશ્વ ગુલાબ દિવસ'નો ઉદ્દેશ કયા રોગ વિશે જાગૃતિ ફેલાવવા અને તે રોગ સામે લડતા લોકોમાં આશા અને ઉત્સાહ ફેલાવવાનો છે ?

(A) કેન્સર (B) હાથિપગો (C) ફાઈલેરિયા (D) મેલેરિયા (A)

4. 'વિશ્વ ગેંડા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 23 સપ્ટેમ્બર (D) 24 સપ્ટેમ્બર (B)

5. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે ઘરેલુ સોલાર સેલ મોડ્યુલના ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા માટે .......... કરોડના પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજનાને મંજૂરી આપી છે.

(A) રૂ. 94,000 (B) રૂ. 19,500 (C) રૂ. 44,500 (D) રૂ. 12,000 (B)

6. PLI યોજના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) PLIનું પૂરું નામ 'પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ' છે.

(B) આ યોજનાની કલ્પના ઉચ્ચ આયાત અવેજીકરણ અને રોજગાર સર્જન સાથે સ્થાનિક ઉત્પાદન ક્ષમતાને વધારવા માટે કરવામાં આવી હતી.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 23 સપ્ટેમ્બર, આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ (International Day of Sign Languges)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 23 સપ્ટેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ બધિર લોકો માટે સાંકેતિક ભાષાના મહત્વ અંગે જાગૃતિ કેળવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 19 ડિસેમ્બર, 2017ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- બધિર લોકો માટેના 'World Fedaration of the Deaf' (WED)ની સ્થાપના 23 સપ્ટેમ્બર, 1951ના રોજ થઈ હતી.
- આથી, આ દિવસની યાદમાં 23 સપ્ટેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ 2022ની થીમ 'Sign Languages Unite Us' છે.

## India Hypertension Control Initiative (IHCI)ને સંયુક્ત રાષ્ટ્રનો પુરસ્કાર મળ્યો

'2022 UN Interagency task force, and who special programme on primary health care award' ભારતને 'ઈન્ડિયા હાઈપરટેન્શન કંટ્રોલ ઈનિશિએટિવ' (IHCI) માટે એનાયત કરવામાં આવ્યો હતો.

- સંયુક્ત રાષ્ટ્રનો આ પુરસ્કાર 21 સપ્ટેમ્બર, 2022ના રોજ ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા આયોજિત કાર્યક્રમમાં આપવામાં આવ્યો હતો.
- ઈન્ડિયા હાઈપરટેન્શન કન્ટ્રોલ ઈનિશિયેટિવ (IHCI) એ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારતીય તબીબી સંશોધન પરિષદ (ICMR), રાજ્ય સરકારો અને વિશ્વ આરોગ્ય સંસ્થા–ભારતની સંયુક્ત પહેલ છે.
- તેને વર્ષ 2017માં શરૂ કરવામાં આવ્યુ હતું. અને ભારતના 23 રાજ્યોમાં 130 થી વધુ જિલ્લાઓને આવરી લેવા માટે તબક્કાવાર રીતે વિસ્તરણ કરવામાં આવ્યું હતું.
- બિન–સંચારી રોગોને રોકવા અને નિયંત્રિત કરવાની અને સંકલિત લોકો–કેન્દ્રિત પ્રાથમિક સંભાળ પૂરી પાડવાની તેની ક્ષમતા માટે તેને માન્યતા આપવામાં આવી હતી.
- દર્દીઓના બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવા અને ફોલો–અપ જાળવવા માટે તેમના પર નજર રાખવા માટે ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો.
- આ પહેલ હેઠળ સારવાર કરાયેલા લગભગ 50 ટકા લોકોનું બ્લડ પ્રેશર નિયંત્રણમાં હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતી ફિલ્મ 'છેલ્લો શો' 2023ના ઓસ્કાર એવોર્ડ્સ માટે સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ




ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા (FFI)એ મૂળ અમરેલી જિલ્લાના અડતલા ગામના ફિલ્મમેકર શ્રી પાન નલિનની ગુજરાતી ફિલ્મ 'છેલ્લો શો' (Chhello Show અથવા Last Film Show)ની 2023ના ઓસ્કાર એવોર્ડ માટે ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી છે.

- ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ 95મા ઓસ્કાર એવોર્ડ્સ માટે તેની જાહેરાત કરી છે.
- 'છેલ્લો શો' ફિલ્મને બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરીમાં પસંદ કરવામાં આવી છે.
- 'છેલ્લો શો' ફિલ્મના ડિરેક્ટર શ્રી પાન નલિન છે.
- છેલ્લો શો એક કિશોર વયના છોકરાની વાર્તા છે. તે ભારતના એક દૂરના ગામમાં રહે છે અને સિનેમા સાથે ઊંડો સંબંધ ધરાવે છે.
- આ ફિલ્મ દર્શાવે છે કે કેવી રીતે એક નાનો છોકરો આખો ઉનાળો પ્રોજેક્શન બૂથ પર મૂવી જોવામાં વિતાવે છે.



1. 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 23 સપ્ટેમ્બર (D) 24 સપ્ટેમ્બર (C)

2. 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ બધિર લોકો માટે સાંકેતિક ભાષાના મહત્વ અંગે જાગૃતિ કેળવવાનો છે.

(B) 23 સપ્ટેમ્બરના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

(C) આ દિવસની વર્ષ 2022ની થીમ 'Sign Languages Unite us' છે.

(D) ઉપરોક્ત તમામ (D)

3. તાજેતરમાં '2022 UN Interagency task force, and who special programme on primary health care award' ભારતને .........માટે એનાયત કરવામાં આવ્યો છે.

(A) ઈન્ડિયા હાઈપરટેન્શન કંટ્રોલ ઈનિશિએટિવ (IHCI)

(B) સ્ટેન્ડ અપ ઈન્ડિયા યોજના (SUIP)

(C) જન ધન થી જન સુરક્ષા સુધી

(D) મેક ઈન ઈન્ડિયા (A)

4. તાજેતરમાં ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા (FFI)એ 'છેલ્લો શો' (Chello Show) ફિલ્મની 2023ના ઓસ્કાર એવોર્ડ માટે ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી છે. તે કઈ ભાષાની ફિલ્મ છે ?

(A) ગુજરાતી (B) રાજસ્થાની (C) ભોજપૂરી (D) કન્નડ (A)

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'છેલ્લો શો' ફિલ્મના ડિરેક્ટર કોણ છે ?

(A) શ્રી ઓમ રાવત (B) શ્રી અરુણ ગોપાલન

(C) શ્રી અલ્લી અબ્બાસ ઝફર (D) શ્રી પાન નલિન (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મૂનલાઈટિંગ (Moonlighting)

ભારતની સૌથી મોટી IT કંપનીઓમાંની એક વિપ્રોએ મૂનલાઈટિંગમાં કામ કરતા કર્મચારીઓને નોકરીમાંથી બરતરફ અથવા કાઢી મૂક્યા છે.

### મૂનલાઈટિંગ શું છે ?



જ્યારે કોઈ કર્મચારી તેની કાયમી નોકરીની સાથે સાથે અન્ય જગ્યાએ ગુપ્ત રીતે કામ કરે છે, ત્યારે તેને 'મૂનલાઈટિંગ' (Moonlighting) કહેવામાં આવે છે.

- સરળ ભાષામાં કહીએ તો એક સાથે બે કંપનીમાં કામ કરવું એ મૂનલાઈટિંગ કહેવાય છે.
- IT ઉદ્યોગમાં મૂનલાઈટિંગ ખૂબ જ લોકપ્રિય બન્યું છે.

કારણ કે કોવિડ–19 મહામારી દરમિયાન ઘરેથી કામ કરવું એ સામાન્ય બની ગયું હતું.

- કંપનીઓએ આનો વિરોધ કર્યો છે કારણ કે તેનાથી કર્મચારીઓની ઉત્પાદકતા પર અસર પડી શકે છે.
- ઈન્ફોસિસ જેવી કંપનીઓએ તેમના કર્મચારીઓને આ પ્રથા સામે ચેતવણી આપી છે.
- જો કર્મચારી બહુવિધ હરીફ કંપનીઓ સાથે કામ કરી રહ્યો હોય તો મૂનલાઈટિંગ હિતોના સંઘર્ષનું કારણ હોવાનું માનવામાં આવે છે.
- તે બિન–જાહેરાત, ડેટા ભંગ અથવા ગોપનીયતાના સંબંધિત નૈતિક મુદ્દાઓ પણ બનાવી શકે છે.
- એવી ચિંતાઓ પણ છે કે કર્મચારીઓ સીધા ગ્રાહકો સાથે કામ કરશે અને સંસ્થાઓના નફામાં નોંધપાત્ર ઘટાડો કરશે.
- મૂનલાઈટિંગ એ નવો ખ્યાલ નથી, તેનો ઉપયોગ કર્મચારીઓ દ્વારા કાં તો વધારાના પૈસા કમાવવા અથવા તેમના જુસ્સાને પરિપૂર્ણ કરવા, તેમની કુશળતા સુધારવા, તેમના નેટવર્કને વિસ્તૃત કરવા અને કારકિર્દીને વધુ આકર્ષક તકો શોધવા માટે કરવામાં આવે છે.
- કારખાના અધિનિયમ, 1948 હેઠળ ડબલ રોજગાર પર પ્રતિબંધ છે.
- જોકે ઘણા રાજ્યમાં IT કંપનીઓને આ નિયમમાંથી મુક્તિ આપવામાં આવી છે.
- ભારતીય શ્રમ કાયદાઓમાં મૂનલાઈટિંગ સંબંધિત કોઈ ચોક્કસ કાયદો નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

## ભારતીય ટેલિકોમ બિલ પ્રસ્તાવ, 2022

તાજેતરમાં ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (DOT)એ ઈન્ટરનેટ આધારિત ઓવર–ધ–ટોપ (OTT) ટેલિકોમ સેવાઓને નિયંત્રિત કરવા માટે 'ભારતીય ટેલિકોમ બિલ પ્રસ્તાવ, 2022' બહાર પાડ્યો છે.




### ભારતીય ટેલિકોમ બિલ પ્રસ્તાવ, 2022

- આ બિલ ત્રણ અલગ–અલગ અધિનિયમોને એકીકૃત કરે છે. જેમાં ભારતીય ટેલિગ્રાફ એક્ટ, 1885, ઈન્ડિયન વાયરલેસ ટેલિગ્રાફી એક્ટ, 1933 અને ટેલિગ્રાફ વાયર્સ (ગેરકાયદેસર રક્ષણ) એક્ટ, 1950નો સમાવેશ થાય છે.

### TRAIની શક્તિમાં ઘટાડો

- ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (DOT)એ સર્વિસ પ્રોવાઈડર્સને નવા લાયસન્સ ઈશ્યુ કરવા પર ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)ની કેટલીક નિર્ણાયક સત્તાઓ અને જવાબદારીઓને પણ ઓછી કરવાની દરખાસ્ત કરી છે.

### OTT નિયમન

સરકારે ટેલિકોમ સેવાઓ હેઠળ ઈન્ટરનેટ આધારિત અને ઓવર–ધ–ટોપ (OTT) કોમ્યુનિકેશન સેવાઓ જેવી કે વોટ્સએપ કોલ, ફેસટાઈમ, ગૂગલ મીટ વગેરેનો સમાવેશ કર્યો છે.

- ટેલિકોમ ઓપરેટરો દ્વારા લેવલ પ્લેઈંગ ફિલ્ડ આપવા માટે લાંબા સમયથી આ માંગ કરવામાં આવી રહી હતી. જ્યાં ટેલિકોમ કંપનીઓને સેવાઓ પૂરી પાડવા માટે લાયસન્સની જરૂર હોય છે, પરંતુ OTT પ્લેટફોર્મને નહીં.
- આ ઉપરાંત, OTTને ટેલિકોમ સેવાઓના કાર્યક્ષેત્રમાં લાવવાનો અર્થ એ છે કે OTT અને ઈન્ટરનેટ આધારિત સંચાર સેવાઓ પ્રદાન કરવા માટે લાયસન્સ જરૂરી રહેશે.

### વળતરની જોગવાઈ

- ટેલિકોમ મંત્રાલયે, જો ટેલિકોમ અથવા ઈન્ટરનેટ પ્રદાતા તેનું લાયસન્સ સરેન્ડર કરે તો ચાર્જિસ રિફંડની જોગવાઈનો પ્રસ્તાવ મૂક્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લાયસન્સ ધારકો દ્વારા ચુકવણીમાં ડિફોલ્ટ

- ચુકવણીમાં ડિફોલ્ટના કિસ્સામાં અને નાણાકીય, ઉપભોક્તા હિત સહિતના અસાધારણ સંજોગોમાં, સેક્ટરમાં સ્પર્ધા જાળવવા અથવા વિશ્વસનિયતા અને ટેલિકોમ્યુનિકેશન સેવાઓની ડિલિવરી ચાલુ રાખવા માટે સરકાર આવી રકમની ચુકવણી મોકૂફ કરી શકે છે અથવા આંશિક અથવા તમામ લેણાં ને શેરમાં રૂપાતંરિત કરી શકે છે. તથા બાકી રકમો રાઈટ ઓફ કરી શકે છે અથવા ચુકવણીમાંથી રાહત આપી શકે છે.

## નાદારીના કિસ્સામાં

- નાદારી(Bankruptcy)ની સ્થિતિમાં એકમને સોંપવામાં આવેલ સ્પેક્ટ્રમ સરકારના નિયંત્રણ હેઠળ પાછુ આવે છે અને કેન્દ્ર સરકાર આવા લાયસન્સધારકને સ્પેક્ટ્રમનો ઉપયોગ ચાલુ રાખવાની મંજૂરી આપવા સહિત કોઈપણ વધુ નિયત પગલાં લઈ શકે છે.

## ટેલિકોમ ડેવલપમેન્ટ ફંડ

તે યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડ (USOF)નું નામ બદલીને ટેલિકોમ ડેવલપમેન્ટ ફંડ (TDF) કરવાની દરખાસ્ત કરે છે.

- USOF ટેલિકોમ સેવા પ્રદાતાઓની વાર્ષિક આવકમાંથી મેળવવામાં આવે છે. TDF માટે પ્રાપ્ત થયેલી રકમ સૌપ્રથમ ભારતના કોન્સોલિટેડ ફંડમાં જમા કરવામાં આવશે.
- આ ભંડોળનો ઉપયોગ ગ્રામીણ, દૂરસ્થ અને શહેરી વિસ્તારોમાં કનેક્ટિવિટી સેવાઓને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવશે. તે નવી ટેલિકોમ સેવાઓના સંશોધન અને વિકાસ, કૌશલ્ય વિકાસ અને ટેલિકોમ સેવાઓ લોન્ચ કરવામાં પણ મદદ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતમાં ટેલિકોમ ઉદ્યોગની વર્તમાન સ્થિતિ

### વર્તમાન પરિસ્થિતિ

ભારતમાં ટેલિકોમ ઉદ્યોગ વર્ષ 2022 સુધીમાં 1.17 અબજ ગ્રાહકો સાથે વિશ્વનો બીજો સૌથી મોટો ઉદ્યોગ છે.

- ભારતની કુલ ટેલિડેન્સિટી (વિસ્તારમાં રહેતા દરેક સો વ્યક્તિઓ માટે ટેલિફોન કનેક્શનની સંખ્યા) 85.11 ટકા છે.
- FDIના પ્રવાહની દષ્ટિએ ટેલિકોમ ક્ષેત્ર ત્રીજું સૌથી મોટું ક્ષેત્ર છે, જે કુલ FDIના પ્રવાહમાં 6.44% યોગદાન આપે છે અને 2.2 મિલિયન નોકરીઓમાં સીધુ યોગદાન આપે છે અને 1.8 મિલિયન પરોક્ષ રીતે.

- 2014 અને 2021ની વચ્ચે ટેલિકોમ સેક્ટરમાં FDIનો પ્રવાહ 150% વધીને 20.72 બિલિયન અમેરિકન ડોલર થયો છે.
- જે વર્ષ 2022 થી 2014 દરમિયાન 8.32 બિલિયન અમેરિકન ડોલર હતું.
- ટેલિકોમ સેક્ટરમાં હવે ઓટોમેટિક રૂટ હેઠળ 100% ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI)ને મંજૂરી આપવામાં આવી છે.
- ભારત 2025 સુધીમાં લગભગ 1 બિલિયન ઈન્સ્ટોલ કરેલા ઉપકરણો સાથે વૈશ્વિક સ્તરે બીજા નંબરનું સૌથી મોટું સ્માર્ટફોન માર્કેટ બનવાના માર્ગ પર છે.
- અને 2025 સુધીમાં 920 મિલિયન મોબાઈલ ગ્રાહકોની અપેક્ષા છે જેમાં 88 મિલિયન 5G કનેક્શન્સનો સમાવેશ થશે.




**1.** તાજેતરમાં ભારતની કઈ આઈટી કંપનીએ 'મૂનલાઈટિંગ'માં કામ કરતા કર્મચારીઓને નોકરીમાંથી બરતરફ કર્યા છે ?

(A) CGI (B) WIPRO

(C) Tac- Mahindra (D) CMC (B)

**2.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'મૂનલાઈટિંગ' (Moonlighting)નો અર્થ શું છે ?

(A) એક સાથે બે કંપનીમાં કામ કરવું

(B) ચંદ્ર પર સૂર્યનો પ્રકાશ ન પડવો

(C) મંગળ પર કૃત્રિમ પ્રકાશની ઉત્પતી કરવી

(D) કર્મચારીઓને કરાર આધારિત નોકરી પર રાખવા (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**3.** તાજેતરમાં ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન (DOT)એ ઈન્ટરનેટ આધારિત ઓવર–ધ–ટોપ (OTT) ટેલિકોમ સેવાઓને નિયંત્રિત કરવા માટે 'ભારતીય ટેલિકોમ બિલ પ્રસ્તાવ 2022' બહાર પાડ્યો છે તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલમાં DOTએ સર્વિસ પ્રોવાઈડરને નવા લાયસન્સ ઈશ્યુ કરવા પર TRAIની કેટલીક નિર્ણાયક સત્તાઓ અને જવાબદારી ઓછી કરવાની દરખાસ્ત કરી છે.

2. સરકારે ટેલિકોમ સેવાઓ હેઠળ ઈન્ટરનેટ આધારિત અને OTT કોમ્યુનિકેશન સેવાઓ જેવી કે વોટ્સઅપ કોલ, ફેસ ટાઈમ, ગૂગલ મીટ વગેરેનો સમાવેશ કર્યો છે.

3. ટેલિકોમ મંત્રાલયએ, આ બિલમાં જો ટેલિકોમ અથવા ઈન્ટરનેટ પ્રદાતા તેનું લાયસન્સ સરેન્ડર કરે તો ચાર્જિસ રિફંડની જોગવાઈનો પ્રસ્તાવ મૂક્યો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

# ONE LINER

## ગુજરાત

➤ **રાજ્યના પર્યાવરણીય મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદ**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 23 સપ્ટેમ્બર, 2022ના રોજ ગુજરાતના એકતાનગર ખાતે વીડિયો કોન્ફરન્સ દ્વારા પર્યાવરણીય મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ કોન્ફરન્સનું આયોજન સહકારી સંઘવાદના ખ્યાલને મજબૂત કરવા માટે કરવામાં આવ્યું છે. તે મુખ્યત્વે ઈકો–ફ્રેન્ડલી જીવનશૈલી પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ સાથે આબોહવા પરિવર્તનનો અસરકારક રીતે સામનો કરવા અને પ્લાસ્ટિક કચરાને નાબૂદ કરવા માટેની નીતિઓની યોગ્ય રીતે અમલમાં મુકવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સંકલન પર વિચાર કરવામાં આવશે. વન્યજીવ સંરક્ષણ, જમીનની ગુણવત્તા જાળવવી અને વન આવરણ વધારવા ધ્યાન કેન્દ્રિત કરશે.

## ભારત

➤ **સ્વચ્છતા પખવાડા**

તાજેતરમાં રેલવે મંત્રાલયે ભારતીય રેલવેમાં 'સ્વચ્છતા પખવાડા'ની શરૂઆત કરી છે. આ ઉપરાંત મંત્રાલયે પર્યાવરણીય સ્થિરતા પર વાર્ષિક અહેવાલ પણ બહાર પાડ્યો હતો. રેલવે મંત્રાલય 16 સપ્ટેમ્બર, 2022 થી 30 સપ્ટેમ્બર, 2022 સુધી સ્વછતા પખવાડાની ઉજવણી કરી રહ્યુ છે. સ્ટેશનો પરના ટ્રેકની સફાઈ, રેલવે પરિસરમાં પ્લાસ્ટિકના કચરાને નાબૂદ કરવા વગેરે પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. આ ઉપરાંત લોકોને બાયો–ટોઈલટના ઉપયોગ વિશે શિક્ષિત કરવા, સિંગલ યુઝ પ્લાસ્ટિક ટાળવા અને સ્વછતાની આદતોને અનુસરવા માટે ડિજિટલ મીડિયા દ્વારા વ્યાપક જાગૃતિ અભિયાનનું આયોજન પણ કરવામાં આવ્યુ છે. સ્વછતા પખવાડાનો હેતુ ભારત સરકારના મંત્રાલયો અથવા વિભાગોને તેમના અધિકારક્ષેત્ર હેઠળ સામેલ કરીને સ્વછતાના મુદ્દાઓ અને પ્રથાઓ પણ એક પખવાડિયો સઘન ધ્યાન આપવાનો છે.

➤ **શ્રી દેવેન્દ્ર ઝાઝરિયા**

ભારતીય જેવેલિન થ્રોઅર (ભાલા ફેંક) ખેલાડી શ્રી દેવેન્દ્ર ઝાઝરિયાએ મોરક્કોમાં વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્સ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો. તેમણે 60.97 મીટરના અંતરે ભાલા ફેંક સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. શ્રી દેવેન્દ્ર ઝાઝરિયા ત્રણ વખતના પેરા ઓલિમ્પિક મેડલ વિજેતા છે. નોંધનીય છે કે પેરાલિમ્પકમાં બે ગોલ્ડ મેડલ જીતનાર તેઓ પ્રથમ ભારતીય પેરાલિમ્પિયન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **44મી ચેસ ઓલિમ્પિયાડ**

44મી ચેસ ઓલિમ્પિયાડ ભારતના ચેન્નાઈમાં 28 જુલાઈથી 9 ઓગસ્ટ, 2022 દરમિયાન યોજાઈ હતી. 1927થી આયોજિત આ પ્રતિષ્ઠિત સ્પર્ધા ભારતમાં અને 30 વર્ષ પછી એશિયામાં પ્રથમ વખત આયોજિત કરવામાં આવી હતી. ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન (AICF) દ્વારા ભારતમાં આ ઈવેન્ટનું આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું. વર્તમાન AICF પ્રમુખ શ્રી સંજય કપુર 44માં ચેસ ઓલિમ્પિયાડની આયોજન સમિતિના અધ્યક્ષ હતા. સ્પર્ધકોની કુલ સંખ્યા 1,737 હતી જેમાં ઓપનમાં 937 અને મહિલા ઈવેન્ટમાં 800 હતા. ઓપન વિભાગમાં 186 દેશોમાંથી નોંધાયેલ ટીમોની સંખ્યા 188 હતી અને મહિલા વિભાગમાં 160 દેશોમાંથી 162 હતી. ઉઝબેકિસ્તાન ઓપન ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો, જે ચેસ ઓલિમ્પિયાડ્સમાં તેમનો પ્રથમ એકંદર મેડલ હતો. જ્યારે યુક્રેને મહિલા ઈવેન્ટમાં તેમનો બીજો ગોલ્ડ જીત્યો હતો. જ્યારે સિલ્વર મેડલ જ્યોર્જિયા અને બ્રોન્ઝ મેડલ ભારતને મળ્યો હતો.

➤ **ગરબા નૃત્ય**

ભારતે ગરબા નૃત્યને યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (UNESCO)ની સાંસ્કૃતિક યાદીમાં સામેલ કરવા માટે નોમિનેટ કર્યું છે. ગયા વર્ષે દુર્ગા પૂજાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ હવે ભારતે વર્ષ 2022 માટે ગરબાનું નામાકંન કર્યુ છે. યુનેસ્કોની આગામી બેઠક નવેમ્બર 2022માં યોજાશે અને એવી આશા છે કે ભારતીય તહેવાર સાથે સંબંધિત એક સુંદર નૃત્ય ગરબાને યુનેસ્કોની સાંસ્કૃતિક વારસાની યાદીમાં સામેલ કરવામાં આવે.

➤ **હડપ્પન સંસ્કૃતિ પર વિશ્વનું સૌથી મોટુ મ્યુઝિયમ રાખીગઢીમાં બનશે**

હડપ્પન સંસ્કૃતિ પર વિશ્વનું સૌથી મોટું મ્યુઝિયમ હાલમાં હરિયાણાના રાખીગઢી ખાતે સ્થાપવામાં આવી રહ્યું છે. રાખગઢી ખાતે હડપ્પન પરનું મ્યુઝિયમ લગભગ 5000 વર્ષ જૂની સિંધુ ખીણની સંસ્કૃતિની કલાકૃતિઓ પ્રદર્શિત કરશે. આ વર્લ્ડ કલાસ મ્યુઝિયમમાં રાખીગઢીના ઈતિહાસને દર્શાવતી તસ્વીરો પ્રદર્શિત કરવામાં આવશે. મ્યુઝિયમ જે હાલમાં નિર્માણધીન છે, તે રાખીગઢીને આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય માન્યતા આપશે અને સ્થાનિક સમુદાયો માટે રોજગારીની તકો વધારશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **નિઝામની તલવાર પરત લાવવાની તૈયારી**

20મી સદીની શરૂઆતમાં હૈદરાબાદમાં બ્રિટિશ જનરલને વેચવામાં આવેલી 14મી સદીની ઔપચારિક તલવાર પરત લાવવાની તૈયારીઓ ચાલી રહી છે. ગ્લાસગો લાઈફ (જે ગ્લાસગોના મ્યુઝિયમનું સંચાલન કરે છે) દ્વારા પરત મોકલવામાં આવેલી સાત વસ્તુઓમાંથી એક તલવાર છે. તલવારનું પ્રદર્શન હૈદરાબાદના નિઝામ મહબૂબ અલી ખાન અસફ જાહ છઠ્ઠા (વર્ષ 1986-1911) દ્વારા દિલ્હી અથવા શાહી દરબારમાં વર્ષ 1903માં કરવામાં આવ્યું હતું. જે ભારતના સમ્રાટ અને મહારાણી તરીકે રાજ એડવર્ડ સાતમા અને રાણી એલેકઝાન્ડાના રાજ્યાભિષેકની સ્મૃતિમાં તે ઔપચારિક સ્વાગત હતું. આ તલવાર વર્ષ 1905માં બોમ્બે કમાન્ડના કમાન્ડર–ઈન–ચીફ જનરલ સર આર્ચીબાલ્ડ હન્ટર (1903-1907) દ્વારા મહારાજા કિશન પ્રસાદ પાસેથી ખરીદવામાં આવી હતી. જેઓ હૈદરાબાદના બહાદુર યામીન અસ–સુલતાનના વડા હતા. કિશન પ્રસાદ મહારાજા ચંદુલાલના પરિવારમાંથી હતા. જેમણે બે વખત નિઝામ સિકંદર જાહના વડા તરીકે સેવા આપી હતી. આ તલવાર 1978માં સર હન્ટરના ભત્રીજા શ્રી આર્ચીબાલ્ડ હન્ટર સર્વિસ દ્વારા ગ્લાસગો લાઈફ મ્યુઝિયમને દાનમાં આપવામાં આવી હતી. સાપના આકારની આ તલવારમાં દાંતાદાર ધાર અને દમાસ્કસ પેટર્ન છે, જેમાં હાથી–વાઘની સોનાની કોતરણી છે.

➤ **આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ 2023**

પ્રાચીન અને પૌષ્ટિક અનાજ અંગે જાગૃતિ વધારવા અને ભાગીદારીની ભાવના ઊભી કરવા માટે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા 2023 આંતરરાષ્ટ્રીય પૌષ્ટિક અનાજના સમયગાળા સુધી શ્રેણીબદ્ધ કાર્યક્રમો અને પહેલો શરૂ કરવામાં આવી છે. આ અંતર્ગત 'ઈન્ડિયા વેલ્થ, મિલેટ્સ ફોર હેલ્થ', મિલેટ સ્ટાર્ટઅપ ઈનોવેશન ચેલેન્જ, માઈટી મિલેટ્સ ક્વિઝ, લોગો અને સ્લોગન સ્પર્ધા વગેરે જેવા ઘણા કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા હતા. વર્ષ 2023માં પોષક અનાજના આંતરરાષ્ટ્રીય વર્ષનું અવલોકન કરવાના ભારતના પ્રસ્તાવને વર્ષ 2018માં ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. અને સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ વર્ષ 2023ને પોષક અનાજના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે જાહેર કર્યુ છે. તે સંયુક્ત રાષ્ટ્રના ઠરાવ દ્વારા અપનાવવામાં આવ્યું હતું અને ભારતની આગેવાની હેઠળ અને 70થી વધુ દેશો દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

### ➤ UAE નવેમ્બરમાં તેનું પ્રથમ ચંદ્ર રોવર લોન્ચ કરશે

UAE આ વર્ષે નવેમ્બરમાં ફાલ્કન 9 સ્પેસએક્સ રોકેટ પર રાશિદ રોવર લોન્ચ કરી શકે છે. સંયુક્ત આરબ અમીરાત નવેમ્બર 2022માં ફ્લોરિડામાં કેનેડી સેન્ટરથી રાશિદ નામનું તેનું પ્રથમ ચંદ્ર રોવર લોન્ચ કરશે. રાશિદ રોવર ચંદ્રની સપાટી, ચંદ્રની સપાટી પરની ગતિશિલતા અને ચંદ્ર પરના કણો સાથેની વિવિધ સપાટીઓની ક્રિયાપતિક્રિયાનો અભ્યાસ કરશે. આ રોવરનું વજન 10 કિલો છે. તેમાં બે હાઈ–રિઝોલ્યુશન કેમેરા, એક માઈક્રોસ્કોપિક કેમેરા, થર્મલ ઈમેજરી કેમેરા, એક પ્રોબ અને અન્ય સાધનો હશે. આ નામ દુબાઈના ભૂતપૂર્વ શાસક શેખ રાશિદ બિન સઈદ અલ મકતુમના નામ પરથી રાખવામાં આવ્યું છે.

### ➤ સોવિયેત અવકાશયાત્રી વેલેરી પોલિકોવનું નિધન

અવકાશમાં સૌથી વધુ એકલ જીવનનો રેકોર્ડ ધરાવતા શ્રી વેલેરી પોલિકોવનું 80 વર્ષની વયે નિધન થયું છે. શ્રી વેલરી પોલિકોવનો જન્મ 27 એપ્રિલ, 1942ના રોજ રશિયાના તુલા ખાતે થયો હતો. શ્રી વેલેરી પોલીકોવનો અવકાશમાં 437 દિવસનો રેકોર્ડ છે. જે 8 જાન્યુઆરી, 1994ના રોજ શરૂ થયો હતો. સોવિયેત સ્પેસ સ્ટેશન મીર પર સવાર થઈને તેમણે 22 માર્ચ, 1995ના રોજ પૃથ્વી પર પાછા ફરતા પહેલા 7000 થી વધુ વખત પૃથ્વીની પરિક્રમા કરી હતી. અવકાશમાં આ તેનું પ્રથમ મિશન હતું. તેમણે મોસ્કોમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ બાયોમેડિકલ પ્રોબ્લેમ્સના ડેપ્યુટી ડિરેક્ટર તરીકે પણ સેવા આપી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ સુશ્રી હિલેરી મેંટલ

બે વખત બુકર પુરસ્કાર મેળવનાર પ્રથમ મહિલા અને લોકપ્રિય નવલકથા 'વુલ્ફ હોલ'ના લેખક સુશ્રી હિલેરી મેંટલનું 22 સપ્ટેમ્બર, 2022ના રોજ લંડનમાં 70 વર્ષની વયે નિધન થયું છે. સુશ્રી હિલેરી મેંટલનો જન્મ ઈંગ્લેન્ડમાં ડર્બિયારના ગ્લોસપ ખાતે 6 જુલાઈ, 1952ના રોજ થયો હતો. તેમને વર્ષ 2009માં થોમસ ક્રોમવેલ શ્રેણીની પ્રથમ નવલકથા 'વુલ્ફ હોલ' અને 2012માં ફોલો–અપ નવલકથા 'બ્રિંગ અપ ધ બોડીઝ' માટે બુકર પ્રાઈઝ એનાયત કરવામાં આવ્યો હતો.

## ICE ? Questions

- તાજેતરમાં રાજ્યોના પર્યાવરણીય મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદનું આયોજન કયાં થયું હતું ?
  – એકતા નગર, ગુજરાત
- તાજેતરમાં ચર્ચામાં રહેલ પેરા ખેલાડી શ્રી દેવેન્દ્ર ઝાઝરિયા કઈ રમત સાથે સંકળાયેલ છે ? – જેવેલિન થ્રો
- 44મી ચેસ ઓલિમ્પિયાડ કયાં યોજાઈ હતી ? – ચેન્નાઈ
- તાજેતરમાં ભારતે કયા નૃત્યને UNESCOની સાંસ્કૃતિક યાદીમાં સામેલ કરવા માટે નોમિનેટ કર્યું છે ?
  – ગરબા
- હડપ્પન સંસ્કૃતિ પર વિશ્વનું સૌથી મોટું મ્યુઝિયમ ..........ખાતે સ્થાપવામાં આવી રહ્યું છે. – રાખીગઢી
- UAE નવેમ્બર, 2022માં ફ્લોરિડામાં કેનેડી સ્પેસ સેન્ટરથી ........નામનું તેનું પ્રથમ ચંદ્ર રોવર લોન્ચ કરશે.
  – રાશિદ
- તાજેતરમાં શ્રી વેલેરી પોલિકોવનું નિધન થયું છે. તેઓ ક્યાંના અવકાશયાત્રી હતા ?
  – સોવિયેત યુનિયન (હાલ રશિયા)
- કયા વર્ષને આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે ? – 2023
- તાજેતરમાં શ્રી હિલેરી મેંટલનું નિધન થયું છે. તેમને કેટલી વખત બુકર પ્રાઈઝ એનાયત થયું હતું ?
  – બે વખત

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

NEW APPLICATION DOWNLOAD

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતમાં તટીય સફાઈ દિવસ અભિયાનનું નેતૃત્વ કઈ સંસ્થા કરે છે ? – ભારતીય કોસ્ટ ગાર્ડ

(આંતરરાષ્ટ્રીય તટીય સફાઈ દિવસ અથવા International Coastal Clean-Up Day સપ્ટેમ્બરના ત્રીજા શનિવારે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. ભારત કોસ્ટ ગાર્ડએ 2006થી ભારતમાં આ ઓપરેશનનું નેતૃત્વ કર્યુ છે.)

2. કાંતાર બ્રાન્ડઝેડ ઈન્ડિયા 2022 રિપોર્ટ અનુસાર ભારતની સૌથી મૂલ્યવાન બ્રાન્ડ કઈ છે ? – ટાટા કન્સલ્ટન્સી

(તાજેતરમાં કાંતાર બ્રાન્ડઝેડ ઈન્ડિયા 2022 રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો. આ રિપોર્ટ અનુસાર ભારતની ટોચની 75 બ્રાન્ડની કિંમત 393 બિલિયન અમેરિકન ડોલર છે, જે ભારતના રાષ્ટ્રીય GDPના 11 ટકા જેટલી છે. આ રિપોર્ટ અનુસાર ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ 45.5 બિલિયન અમેરિકન ડોલર સાથે ભારતમાં સૌથી મૂલ્યવાન બ્રાન્ડ છે.)

3. 'Global Clean Energy Forum'નું યજમાન કયું શહેર છે ? – પિટસબર્ગ

4. કયા રાજ્યએ નીતિ આયોગ જેવી રાજ્ય સ્તરિય સસ્થાની સ્થાપના કરવાની જાહેરાત કરી છે ? – મહારાષ્ટ્ર

5. 2022 સુધીમાં કયો દેશ શ્રીલંકાને સૌથી વધુ દ્વિપક્ષીય ધિરાણ આપનાર દેશ છે ? – ભારત

6. કયા રાજ્યએ 'સીએમ દા હૈસી' નામનું વેબ પોર્ટલ શરૂ કર્યુ છે ? – મણિપુર

(મણિપુરના મુખ્યમંત્રી શ્રી એન બિરેન સિંહે તાજેતરમાં 'CM Da Haisi' નામનું વેબ પોર્ટલ શરૂ કર્યુ છે. તે સામાન્ય લોકોની ફરિયાદો મેળવવા માટે શરૂ કરવામાં આવ્યું છે.)

7. ભારત, સંયુક્ત આરબ અમીરાત અને ફ્રાન્સની પ્રથમ ત્રીપક્ષીય વિદેશમંત્રીઓની બેઠક કયા શહેરમાં યોજાઈ હતી ? – ન્યુયોર્ક

8. કયું ભારતીય શહેર 2022માં 'ગ્લોબલ ફિનટેક સમિટ'નું યજમાન છે ? – મુંબઈ

9. IHCI એ કયા દેશ દ્વારા શરૂ કરાયેલ હાઈપરટેન્શન નિયંત્રણ પહેલ છે ? – ભારત

10. SCALE એપ, જે તાજેતરમાં લોન્ચ કરવામાં આવી હતી. તે કયા ક્ષેત્રના કર્મચારીઓ માટે કૌશલ્ય–વિકાસ ઉકેલો પ્રદાન કરે છે ? – ચામડું

11. તાજેતરના એશિયન ડેવલપમેન્ટ આઉટલુક અપડેટ અનુસાર 2022-23માં ભારતના અર્થતંત્ર માટે વૃદ્ધિનું અનુમાન શું છે ? – 7.0

INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. 'UPI Lite' ચૂકવણી વ્યવહારની ઉપલી મર્યાદા કેટલી છે ? – રૂ. 200

(RBIના ગવર્નર શ્રી શક્તિકાંત દાસે તાજેતરમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટ 2022માં ત્રણ મોટી ડિજિટલ પેમેન્ટ પહેલ શરૂ કરી છે. આ પહેલોમાં RuPay ક્રેડિટ કાર્ડ, UPI Lite અને ભારત બિલ પેનો સમાવેશ થાય છે. ભીમ એપ પર UPI લાઈટ દ્વારા વપરાશકર્તાઓ નજીકના ઓફલાઈન મોડમાં નાના મૂલ્યના વ્યવહારો કરી શકશે. UPI Lite ચૂકવણી વ્યવહાર માટેની ઉપલી મર્યાદા રૂ. 200 હશે.)

13. કિગાલી સુધારો જે તાજેતરમાં સમાચારોમાં હતો, તે કઈ ક્રિયા સાથે સંબંધિત છે ? – હાઈડ્રોફ્લોરોકાર્બનની ઉણપ

14. 'મૂન લાઈટિંગ' જે તાજેતરમાં સમાચારોમાં હતું. તે કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ? – રોજગાર

(ભારતીય આઈટી કંપની વિપ્રોએ 300 કર્મચારીઓની સેવાઓ સમાપ્ત કરી દીધી છે. જેઓ કંપનીના પ્રતિસ્પર્ધીઓ માટે કામ કરી રહ્યા હતા. આમ એક સાથે બે કંપનીઓમાં કામ કરવું એ 'મૂનલાઈટિંગ' કહેવાય છે.)

15. ભારતમાં સૌર ફાર્મ સ્થાપનારી પ્રથમ ઈ–કોમર્સ કંપની કઈ છે ? – એમેઝોન

16. રક્ષા મંત્રાલયે સપાટીથી સપાટી પર બ્રહ્મોસ મિસાઈલની બેવડી ભૂમિકા માટે કઈ કંપની સાથે કરાર કર્યા છે ?

– BAPL

(સંરક્ષણ મંત્રાલયે BAPL (Brahmos Aerospace pvt. ltd) સાથે સપાટી થી સપાટી પર બ્રહ્મોસ મિસાઈલની બેવડી ભૂમિકા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. BAPL એ ભારત અને રશિયા વચ્ચેનું સંયુક્ત સાહસ છે.)

17. રૂપિયા વેપાર માટે RBIની મંજૂરી મેળવનાર પ્રથમ ભારતીય બેંક કઈ છે ? – UCO બેંક

(ભારતની જાહેર ક્ષેત્રની ધિરાણકર્તા UCO બેંક એ પ્રથમ બેંક છે જેણે રૂપિયાના વેપાર માટે ભારતીય રિઝર્વ બેંક (RBI)ની મંજૂરી મેળવી છે. કોલકત્તા સ્થિત બેંક ભારતીય રૂપિયામાં વેપાર પતાવટ માટે રશિયાની ગેઝપ્રોમ્બેન્ક સાથે વિશિષ્ટ વોસ્ટ્રો એકાઉન્ટ ખોલશે. RBIએ જુલાઈમાં ભારતીય બેંકોને ભારતીય ચલણમાં વેપાર કરવાની મંજૂરી આપવાના નિર્ણયની જાહેરાત કરી હતી.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

અમારા ટેલિગ્રામ ચેનલમાં જોડાવા માટે
નીચે આપેલી લિંક પર ક્લીક કરો.

t.me/iceonlinerajkot

CLICK HERE

ICE®

# INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | |
|---|---|
| **Website** | **YouTube** |
| iceonline.in | icerajkot |
| **WhatsApp** | **Telegram** |
| joinicerajkot.com | t.me/icerajkotofficial.com |
| **Instagram** | **Facebook** |
| icerajkot | icerajkot |
| **Twitter** | **ICE Magic** |
| icerajkot | ICE® MAGIC WEEKLY CURRENT AFFAIRS Free Download |

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ Social Media Icon પર Click કરો.